પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૩૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૮-૦૧-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 132 PRICE :-RS. 1.50 DATE : 28-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ખેડૂતોની ટ્રેક્ટર પરેડ બની હિંસકઃ ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો ફરકાવ્યો

## ગણતંત્રની ગરિમા પર પ્રહારઃ પોલીસ-ખેડૂતો વચ્ચે હિંસક ઝડપ





ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાઓના વિરોધમાં ૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા અંગે પોલીસ સતત એક્શનમાં છે. હિંસા અને તોડફોડની ઘટનાઓ અંગે અત્યારસુધીમાં ૨૨ FIR નોંધાઈ ચૂકી છે. દિલ્હી પોલીસે કહ્યું હતું કે લૂંટ અને જીવલેણ હુમલાની કલમો અંતર્ગત કેસ નોંધાયા છે. પોલીસે આ મામલે કાર્યવાહી કરીને અત્યારસુધીમાં ૨૦૦ ઉપદ્રવીની અટકાયત પણ કરી લીધી છે. આ મામલે હવે દિલ્હી ક્રાઈમ બ્રાંચ તપાસ કરશે.


પોલીસે જે FIR કરી છે એમાં ૬ ખેડૂતનેતાનાં નામ પણ છે. આ નેતા રાકેશ ટિકૈત, દર્શન પાલ, રાજિંદર સિંહ, બલવીર સિંહ રાજેવાલ, બૂટા સિંહ બુર્જગિલ અને જોગિંદર સિંહ છે. તેમની વિરુદ્ધ ટ્રેક્ટર રેલીની શરતો તોડવાનો કેસ નોંધવામાં આવ્યો છે. ગઈ કાલે થયેલી હિંસામાં ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતાં. પ્રજાસત્તાક દિવસના અવસરે ટ્રેક્ટર પરેડના નામે દિલ્હીમાં પ્રદર્શનકારી ખેડૂતોએ ખુબ ધમાલ મચાવી અને હિંસા આચરી, કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોનો એક જુથ ટ્રેક્ટરો સાથે લાલ કિલ્લા પર પહોંચી ગયું હતું અને તેના સ્તંભ પર એક ધાર્મિક ઝંડો લગાવી દીધો. અહીં પ્રધાનમંત્રી ૧૫ ઓગસ્ટના દિવસે ભારતનો તિરંગો ફરકાવે છે.

બીજી તરફ પોલીસ પણ એક્શનમાં આવી છે અને અત્યાર સુધીમાં આ હિંસામાં સામેલ હોય તેવા ૨૦૦ લોકોને અટકાયતમાં લેવાયા છે.તેમના પર હિંસા કરવાનો સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવાનો અને પોલીસ કર્મીઓ પર હુમલા કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે ખેડૂતોની ટ્રેક્ટર પરેડ દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધી ૨૨ એફઆઈઆર દાખલ થઈ છે. આમાં તોડફોડ અને પોલીસ કર્મચારીઓની બંદૂક ઝૂંટવવા જેવી ઘટનાઓ સામેલ છે. ગણતંત્ર દિવસ પર ટ્રેક્ટર પરેડ નીકાળી રહેલા ખેડૂતોએ દિલ્હીને જાણે કે યુદ્ધનું મેદાન બનાવી દીધું હતુ. પોલીસવાળાઓ પર ટ્રેક્ટર ચઢાવવાનો પ્રયત્ન, બસો અને ગાડીઓમાં તોડફોડ, પથ્થરમારા બાદ કેટલાક ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો લગાવી દીધો. લાલ કિલ્લાની પાસે અનેક પોલીસવાળાઓએ દીવાલ કૂદીને પોતાનો જીવ બચાવ્યો.

દિલ્હી પોલીસ હવે ઠેક-ઠેકાણે લગાવવામાં આવેલા CCTV કેમેરાની ફૂટેજના આધારે પ્રદર્શનકારીઓની ઓળખ કરવા મથી રહી છે. લાલ કિલ્લા, નાંગલોઈ, મુકરબા ચોક, સેન્ટ્રલ દિલ્હીમાં CCTV કેમેરાના ફૂટેજ ચકાસવા માટે સ્પેશિયલ સેલ, ક્રાઈમ બ્રાન્ચની મદદ લેવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, નક્કી કરાયેલા માર્ગો પર ટ્રેક્ટર રેલી માટે પરમિશન આપવામાં આવી હતી. પરંતુ સમય પહેલાં જ શરૂ થયેલી રેલીએ બેરિકેડ્સ તોડી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ તેઓ મધ્ય દિલ્હીના આઈટીઓ પહોંચી ગયા હતા. જે દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. દરમિયાન દિલ્હી પોલીસે સિંધુ બોર્ડર પાસે જ્યાં ખેડૂતોનો જમાવડો છે ત્યાં સુરક્ષા વધારી છે.આ બોર્ડર પર ખડકવામાં આવેલા વાહનોને હટાવવામાં આવીર રહ્યા છે જ્યાં જ્યાં ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે તે તમામ સ્થળોએ પોલીસે સુરક્ષા વધારી છે.

ગણતંત્ર દિવસ પર સમગ્ર દેશે જ નહિ પરંતુ વિશ્વએ દિલ્હીના માર્ગો પર જે ઉપદ્રવ નિહાળ્યો તેઓ અગાઉ કદી નિહાળ્યો ન હતો. આ બેલગામ તોફાની તત્વોએ સમગ્ર દેશને શરમજનક સ્થિતિમાં મુકી દીધો હતો. હજારો ખેડૂતોએ ઠેરઠેર તોફાનો અને ઉપદ્રવ મચાવ્યો હતો. પોલીસ, પોલીસના વાહન ઉપર ઠેર ઠેર હુમલા થયા હતા. પોલીસે અનેક સ્થળે અશ્રુવાયુ પણ છોડયો હતો. દિલ્હીના ૬૦ જેટલા મેટ્રો સ્ટેશનોને બંધ કરવા પડયા એટલું જ અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યા હતા. ઉપદ્રવી તત્વો હાથમાં લાઠી, દંડા, સળીયા, ઈંટ અને પથ્થરો સાથે જોવા મળ્યા હતા. તેઓની પાસે તલવારો પણ હતી. ઠેરઠેર સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઉપદ્રવીઓએ ૨૫ જેટલી કાર અને બસોમાં નુકસાન કર્યું હતું. ઠેર ઠેર દિલ્હીમાં ટ્રાફિકજામ જોવા મળ્યા હતા.

## તાકાતમાં વધારોઃ DRDOએ આકાશ-એનજી મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું



ન્યુ દિલ્હી,

ભારતીય સેનાની તાકાતમાં વધારો થયો છે. ડીઆરડીઓએ ઓડિશાના ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જથી આકાશ-એનજી મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ છે. આકાશ-એનજી એટલે કે આકાશ ન્યુ જેનરેશન મિસાઈલ. આકાશ-એનજી જમીનથી હવામાં માર કરનારી મિસાઈલ છે. આને ભારતીય વાયુસેના માટે બનાવવામાં આવી છે.

આકાશ-એનજી મિસાઈલ બનાવવાની અનુમતિ વર્ષ ૨૦૧૬માં મળી હતી. આ મિસાઈલમાં ડુઅલ પલ્સ સૉલિડ રૉકેટ મોટર છે, જે આની ગતિને વધારે છે. આની રેન્જ ૪૦થી ૮૦ કિલોમીટર છે. સાથે જ આમાં એક્ટિવ ઈલેક્ટ્રૉનિકલી સ્કેન્ડ એરે મલ્ટી ફંક્શન રડાર લાગેલુ છે જે એક સાથે કેટલીય દુશ્મન મિસાઈલ એટલે કે વિમાનોને સ્કેન કરી શકે છે.

૨૫ જાન્યુઆરીએ ડીઆરડીઓએ આકાશ-એનજી મિસાઈલનુ ઓડિશાના ચાંદીપુર તટ પર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જના મોબાઈલ પ્લેટફોર્મથી કરવામાં આવ્યુ. આને એક ઈલેક્ટ્રૉનિક ટાર્ગેટની તરફ લૉન્ચ કરવામાં આવ્યુ હતુ, જેને આને સટીકતાથી ભેદી દીધુ.

આકાશ-એનજી મિસાઈલનુ કુલ વજન ૭૨૦ કિલોગ્રામ છે. આની લંબાઈ ૧૯ ફૂટ અને વ્યાસ ૧.૧૬ ફૂટ છે. એ પોતાની સાથે ૬૦ કિલોગ્રામ વજનુ હથિયાર લઈ જઈ શકે છે. હાલ ભારતમાં આને ત્રણ વેરિએન્ટ હાજર છે. પહેલુ આકાશ એમકે- આની રેન્જ ૩૦કિમી છે. બીજુ આકાશ એમકે.૨-આની રેન્જ ૪૦કિમી છે. ત્રીજુ આકાશ-એનજી - આની રેન્જ ૮૦કિમી છે.

આકાશ-એનજી મિસાઈલ ૨૦ કિલોમીટરની ઉંચાઈ સુધી જઈને દુશ્મનના વિમાન અથવા મિસાઈલને નષ્ટ કરી શકે છે. સૌથી વધારે ખતરનાક આની ગતિ છે. આ દુશ્મનને બચવાની તૈયારીની તક આપતા નથી. આની ગતિ ૩.૫ મેક એટલે કે ૪૩૨૧ કિલોમીટર પ્રતિ કલાક છે. એટલે કે એક સેકન્ડમાં સવા કિલોમીટરનું અંતર નક્કી કરે છે.

આકાશ-એનજી મિસાઈલના જૂના સંસ્કરણ વર્ષ ૨૦૦૯થી ભારતીય સેનાઓને પોતાની સેવા આપી રહ્યા છે. આકાશ-એનજી મિસાઈલને ટી-૭૨ એટલે કે બીએમપી ચેસિસ અથવા ટાટા મોટર્સના હેવી મોબિલિટી ટ્રક્સ પર બનાવવામાં આવેલા મોબાઈલ લૉન્ચ સિસ્ટમથી દાગવામાં આવી શકે છે. આ મિસાઈલના મોબાઈલ લૉન્ચ સિસ્ટમ માટે ગાડીઓ ટાટા મોટર્સ અને બીઈએમએલ-ટાટ્રા કંપનીઓ બનાવે છે.

## ખેડૂત આંદોલનમાં તિરાડઃ રાષ્ટ્રીય કિસાન મજદૂર સંગઠનના નેતા અલગ થયા

૨૬મી જાન્યુઆરીના રોજ ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન કેટલાક તોફાની તત્વોએ હિંસા ભડકાવી હતી. જેને પગલે આંદોલન નબળું પડી ગયું છે. ખેડૂત આંદોલન ન ફક્ત નબળું પડ્યું છે બલ્કે તેમાં તિરાડ પણ પડી છે. રાષ્ટ્રીય કિસાન મજદૂર સંગઠનના ખેડૂત નેતા વીએમ સિંહે કહ્યું છે કે તેઓ આંદોલન અહીં જ પાછું ખેંચી રહ્યા છે. ખેડૂત આંદોલનમાં વિખવાદ સર્જાયો છે. ખેડૂત નેતા વીએમ સિંહે કહ્યું કે, અમારું સંગઠન આ હિંસામાં સામેલ નથી. એટલું જ નહીં તેમણે ખેડૂતો અને રાકેશ ટિકૈત પર અનેક આરોપો પણ લગાવ્યા છે. જ્યારે બીજી તરફ કૃષિ કાયદાના વિરોધમાં અભય સિંહ ચૌટાલાએ હરિયાણા વિધાનસભામાં રાજીનામું ધરી દીધું છે. ખેડૂત નેતા વીએમ સિંહે આંદોલનમાંથી નામ પાછું ખેંચી લીધું છે આ સાથે રાકેશ ટિકૈત તથા અન્ય ખેડૂત નેતાઓ પર અનેક આરોપો લગાવ્યા છે. વીએમ સિંહે કહ્યું કે જે લોકોએ ભડકાવ્યા તેમના પર સખત કાર્યવાહી થાય. વીએમ સિંહે કહ્યું કે સરકારની પણ ભૂલ છે જ્યારે કોઈ ૧૧ વાગ્યાની જગ્યાએ ૮ વાગે નિકળી રહ્યું હતું તો સરકાર શું કરી રહી હતી. જ્યારે સરકારને ખબર હતી કે લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવા માટે કેટલાક સંગઠનો કરોડો રુપિયા આપવાની વાત કરી હતી તો સરકાર શું કરી રહી હતી. વીએમ સિંહે વધુંમાં બોલ્યા કે હિન્દુસ્તાનના ઝંડાની ગરિમા, મર્યાદા બધાની છે. તે મર્યાદાને તોડવામાં આવી છે તો તે ખોટું છે અને જેમણે ભંગ કરી છે તે ખોટા છે. આઈટીઓમાં એક સાથી શહીદ પણ થઈ ગયો. જે લઈને ગયો હતો તેણે ઉશ્કેર્યો હતો તેની વિરુદ્ધ પૂરી કાર્યવાહી થવી જોઈએ. તેમને રાકેશ ટિકૈત પર આરોપ લગાવતા કહ્યું કે ટિકૈત અલગ રસ્તે જવા માંગતા હતા.

## ગુજરાત બજેટઃ ૧ માર્ચથી શરૂ થશે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર





ગાંધીનગર,

૧ ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થવાનું છે. તો ગુજરાત સરકાર દ્વારા પણ બજેટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભા બજેટ સત્રને લઈને આખરી તૈયારીઓ ચાલી રહી છે. ૧ માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. ઓછામાં ઓછા ૨૪ દિવસ સુધી આ બજેટ સત્ર ચાલશે.

આગામી ૧ માર્ચથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. આ બજેટ સત્ર ૨૪ દિવસ સુધી ચાલી શકે છે. પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહને સંબોધિત કરશે. રાજ્યપાલના સંબોધન બાદ રાજ્યના પૂર્વ બે મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જ ગુજરાતના આ પૂર્વ મુખ્યમંત્રીઓના નિધન થયા છે.

રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવ પર ત્રણ દિવસ ચર્ચા કરવામાં આવશે. તો અંદાજ પત્રની સામાન્ય ચર્ચા માટે પાંચ દિવસનો સમય ફાળવવામાં આવશે. અંદાજપત્રની માગણીઓ પર ૧૨ દિવસ ચર્ચા થવાની છે. વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્ય સરકાર લવ જેહાદ સુધારા સહિતના વિધેયકો રજૂ કરશે. તો બજેટ સત્રમાં કેગનો ઓડિટ અહેવાલ પણ રજૂ કરવામાં આવશે.



લદ્દાખમાં ભારત-ચીનની બોર્ડર પર તિરંગો ફરકાવતા આઈટીબીપીના જવાન.

### રાજપથ પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તિરંગો લહેરાવ્યો

## કોરોના મહામારી વચ્ચે દેશમાં ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઊજવણી કરાઇ



ન્યુ દિલ્હી,

આજે ૭૨માં પ્રજાસત્તાક દિને સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ વૉર મેમોરિયલ પહોંચીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. જ્યારે રાજપથ પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તિરંગો લહેરાવ્યો હતો. જે બાદ પરેડની શરૂઆત થઇ હતી.

રાજપથ પર સૌથી પહેલાં યુદ્ધ ટેંક ટી-૯૦નું પ્રદર્શન જોવા મળ્યું હતું. તે બાદ રાજપથ પર શિલ્કા હથિયાર પ્રણાલીની ઝલક જોવા મળી. જ્યારે નૌ સેનાના પ્રદર્શનમાં પહેલાં ભારતીય નૌ સેના દ્વારા ૪ અને ૫ ડિસેમ્બર ૧૯૭૧ની રાતે મિસાઈલ બોટ્સ દ્વારા કરાચી બંદરગાહ પર હુમલાને દર્શાવવામાં આવ્યો હતો. બીજા ભાગમાં ૧૯૭૧ના યુદ્ધમાં નૌ સેનાના યોદ્ધાઓનું પ્રદર્શન બતાવવામાં આવ્યું હતું. મંગળવારે રાજપથ પર અર્ધસૈનિક, અન્ય સહાયક દળોની પરેડ નીકળી હતી. જે દરમિયાન ભારતીય નટરક્ષક દળ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ, દિલ્હી પોલીસનું બેન્ડ, સુરક્ષા ગાર્ડના જવાનોએ પોતાની તાકાત બતાવી હતી. રાજપથ પર સૌથી પહેલી ઝાંખી સંઘ શાસિક પ્રદેશ લદ્દાખની જોવા મળી. કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યા બાદ તે પહેલી વાર ગણતંત્ર દિવસની પરેડમાં જોવા મળ્યું. સાથે જ અન્ય રાજ્યોની સાથે ઉત્તર પ્રદેશની ઝાંખી પણ ખાસ રહી. તેમાં રામ મંદિરની ઝલક બતાવવામાં આવી હતી.

રાજ્યો બાદ કેન્દ્રીય મંત્રાલયોની ઝાંખી જોવા મળી હતી. જેમાં આઈટી મંત્રાલયની ઝાંખીમાં ડિઝિટલ ઈન્ડિયા થીમ દર્શાવવામાં આવી હતી. જ્યારે આયુષ મંત્રાલયની ઝાંખીમાં કોરોના સંકટના મુદ્દા જોવા મળ્યા હતા. આ દરમિયાન સૌથી ખાસ વાત રહી લડાકુ વિમાનના પ્રદર્શનની. એકલવ્ય ફોર્મેશનની આગેવાની રાફેલ લડાકુ વિમાન કરી રહ્યું હતું. રાફેલ સાથે બે જગુઆર, બે મિગ ૨૯ લકાડુ વિમાન હતાં. રાફેલે વર્ટિકલ ચાર્લી રૂપે કરતબ બતાવ્યા હતા.

## બાઈડને એચ-૧બી વિઝા ધારક કામદારોના જીવનસાથીઓને આપી મોટી રાહત

વોશિંગ્ટન,

અમેરિકામાં પ્રમુખ જો બાઈડનની સરકારે સત્તારૂઢ થયાના ગઈકાલે સાતમા દિવસે એક મહત્ત્વની સરકારી ફાઈલ પર માત્ર એક જ શબ્દ 'Withdrawn' (પાછો ખેંચી લીધો છે) લખી દેતાં આ દેશમાં છેલ્લા ચાર વર્ષથી સતત ચિંતામાં રહેતા એચ-૧બી વિઝાધારક-કામદારોના જીવનસાથીઓને મોટી રાહત મળી છે. બાઈડને એમના પુરોગામી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિવાદાસ્પદ પ્રસ્તાવને કચરાટોપલીમાં નાખી દીધો છે. ટ્રમ્પના તે પ્લાનને કારણે એચ-૧બી કામદારો સતત તાણમાં જીવતા હતા કે ક્યાંક એમને અમેરિકામાં કામકાજ કરવા માટે અપાયેલી કાયદેસર સત્તાનો અંત તો લાવી દેવામાં નહીં આવે ને. ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ એમના શાસન વખતે એક નિયમ લાગુ કર્યો હતો જે અનુસાર અમેરિકામાં કામ કરતા એચ-૧બી વિઝાધારક-કામદારોના જીવનસાથીઓને પણ અમેરિકામાં કામ કરવાની પરવાનગી અપાઈ હતી – જે એચ-૪ વર્ક પરમિટ નામે ઓળખાતી હતી, પરંતુ ટ્રમ્પે પ્રમુખપદ સંભાળ્યા બાદ તરત જ એચ-૪ વર્ક પરમિટ રદ કરવા પર જોર લગાડવાનું શરૂ કરી દીધું હતું. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ વિભાગ એચ-૧બી વિઝાધારકોના તાત્કાલિક પરિવારજનો (જીવનસાથી અને સંતાનો)ને એચ-૪ વિઝા ઈસ્યૂ કરે છે. જેથી એવા પરિવારજનો અમેરિકામાં કાયદેસર રીતે આવી શકે છે અને રહી શકે છે.

### જન્મ નોંધણી અંગેની જાહેર નોટીસ

ક્રિ.પ.અરજી નં.૧૭૭/૨૦૨૦ આંક-૪

**અરજદાર : રામચંદાણી ભગવાનદાસ જામનદાસ,**
**રહે. : આઈ.ટી.આઈ., શકિતનગર, જાફરાબાદ, મુ.તા.ગોધરા, જી.પંચમહાલ**
**સામાવાળા : મુખ્ય અધિકારીશ્રી, ગોધરા નગરસેવાસદન, નગરપાલિકા, મુ.તા.ગોધરા**

આથી લાગભાગ, હક્ક હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે. કે અરજદાર નામે **રામચંદાણી ભગવાનદાસ જામનદાસ** રહે- આઈ.ટી.આઈ., શકિતનગર જાફરાબાદ, મુ.તા.ગોધરાના ઓ એ તેમના બહેનના નામના જન્મની નોંધણી સામાવાળાની દફતરે કરાવવા માટે ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે. **રામચંદાણી માયાબેન જામનદાસનો જન્મ તા.૧૯/૦૪/૧૯૬૫** ના રોજ ગોધરા મુકામે થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉકત જન્મ નોંધ થવા-કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમો એ વાંધા પુરાવા સહીત અત્રે ની અદાલત માં નોટીસ પ્રસિધ્ધ થયે થી મુદત **તારીખ ૦૬/૦૩/૨૦૨૧** સુધી માં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદાર નો યોગ્ય જણાશે તો ધોરણસર ની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૯ માહે જાન્યુઆરી સને ૨૦૨૧ ને રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (બી. એસ. ગહલોત) |
|---|---|---|
| (એસ.એ. શેખ) | (એસ.એ. શેખ) | ચોથા એડી. સીવીલ જજ |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | અને જ્યુ.મેજી.ફ.ક. ગોધરા |

### જન્મ નોંધણી અંગેની જાહેર નોટીસ

ક્રિ.પ.અરજી નં.૧૭૮/૨૦૨૦ આંક-૪

**અરજદાર : રામચંદાણી ભગવાનદાસ જામનદાસ,**
**રહે. : આઈ.ટી.આઈ., શકિતનગર, જાફરાબાદ, મુ.તા.ગોધરા, જી.પંચમહાલ**
**સામાવાળા : મુખ્ય અધિકારીશ્રી, ગોધરા નગરસેવાસદન, નગરપાલિકા, મુ.તા.ગોધરા**

આથી લાગભાગ, હક્ક હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે. કે અરજદાર નામે **રામચંદાણી ભગવાનદાસ જામનદાસ** રહે- આઈ.ટી.આઈ., શકિતનગર જાફરાબાદ, મુ.તા.ગોધરાના ઓ એ તેમના ભાઈના નામના જન્મની નોંધણી સામાવાળાની દફતરે કરાવવા માટે ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે. **રામચંદાણી ઉમેશ જામનદાસનો જન્મ તા.૩૦/૦૯/૧૯૬૯** ના રોજ ગોધરા મુકામે થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉકત જન્મ નોંધ થવા-કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમો એ વાંધા પુરાવા સહીત અત્રે ની અદાલત માં નોટીસ પ્રસિધ્ધ થયે થી મુદત **તારીખ ૦૬/૦૩/૨૦૨૧** સુધી માં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદાર નો યોગ્ય જણાશે તો ધોરણસર ની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૯ માહે જાન્યુઆરી સને ૨૦૨૧ ને રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (બી. એસ. ગહલોત) |
|---|---|---|
| (એસ.એ. શેખ) | (એસ.એ. શેખ) | ચોથા એડી. સીવીલ જજ |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | અને જ્યુ.મેજી.ફ.ક. ગોધરા |

૭૨માં પ્રજાસત્તાકદિનની શુભેચ્છા...
અર્પિત પેટ્રોલિયમ
Bharat Petroleum
ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# બાલાશિનોર ખાતે તાલુકા કક્ષાના ૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી મામલતદાર કચેરીના પટાંગણમાં યોજાઇ

લુણાવાડા, મહીસાગર જિલ્લાના બાલાશિનોર ખાતે તાલુકા કક્ષાના ૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી મામલતદાર કચેરીના પટાંગણમાં કોરોના અંતર્ગત જાહેર કરાયેલ ગાઇડ લાઇન અનુસાર કરવામાં આવી હતી. બાલાશિનોર નાયબ કલેક્ટર વિમલ ચૌધરીએ ધ્વજ વંદન કરી ત્રિરંગાને સલામી આપી હતી.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અવસરે અધ્યક્ષસ્થાનેથી બાલાશિનોર નાયબ કલેકટર વિમલ ચૌધરીએ તાલુકા કક્ષાના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે નાગરીકોને શુભકામના પાઠવી સંબોધતાં જણાવ્યું હતું કે, આજના આ પર્વની ઉજવણી બાલાશિનોર ખાતે થઇ રહી છે. તે આપણા બધા માટે ગૌરવની વાત છે તેમજ ભારતની આઝાદી માટે જાન ન્યોછાવર કરનારા અનેક નામી અનામી શહિદોને શ્રધ્ધા સુમન અર્પણ કરૂ છું. દેશની અખંડિતતા ટકાવી રાખવા માટે આપણે સૌએ સંકલ્પબધ્ધ થવું પડશે.

આ પ્રસંગે ૨૫ મી જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી અંતર્ગત ૧૨૧ –બાલાસિનોર વિધાનસભા મતવિભાગ અને મતદારયાદીમાં નામ નોંધણી , નામ કમી , નામમાં સુધારા કરવામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ વિમલ ચૌધરી (મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારી બાલાસિનોર) ને રાજય કક્ષાએ અને જિલ્લા કક્ષાએથી શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી તરીકેનો એવોર્ડ મળેલ છે તેમજ મહિસાગર જિલ્લા કક્ષાએથી આર.પી.ડીંડોર (મામલતદાર બાલાસિનોર) ને મળેલ એવોર્ડ અંગે સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દિનેશભાઇ પટેલ, ડીરેકટર અમુલડેરી આણંદ તેમજ પોલીસ તેમજ મહેસુલી પરિવાર તથા અગ્રગણ્ય નાગરીકો આ તાલુકા કક્ષાના ૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણીમાં સહભાગી બન્યા હતા. સાથે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# વીરપુર તાલુકાના બોર પ્રાથમિક શાળાના આચાર્યને એવોર્ડ એનાયત



વીરપુર, બોર પ્રાથમિક શાળા તા. વિરપુરના આચાર્ય દ્વારા શાળામાં થતી તમામ પ્રવૃત્તિ અને શાળામાં કરેલ નવતર પ્રયોગ હંમેશા શાળાના ફેસબુક એકાઉન્ટ પર મુકે છે. જેથી અન્ય શાળાના શિક્ષકો અને બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે. હમણાં તાલુકા કક્ષાએ યોજાયેલ એજ્યુકેશન ઈનોવેશન ફેરમાં અને ટોય ફેર બંનેમાં શાળાના આચાર્ય વિજેતા થયેલ છે. ત્યારે તેમની અત્યાર સુધીની તમામ આ કામગીરીની ફેસબુકના માધ્યમથી નોંધ લઇ ૧૨ ડીસેમ્બરના રોજ યોજાયેલ ઓનલાઈન એજ્યુકેશન આયકોન એવોર્ડ–૨૦૨–૨૧ માં તેમની પસંદગી થતા તેમને એવોર્ડ આપવામાં આવ્યો હતો. જે બદલ અમુલ ડેરીના ડીરેકટરી સાયભેસિંહ એમ.પરમાર, ભા.જ.પા.વિરપુર તાલુકા પ્રમુખ એમ.ડી.પરમાર, મહામંત્રી શનાભાઈ પી.પરમાર, બોર ગામના સરપંચ ભગવાનસિહ એન.પરમાર અને બાર ગામના અગ્રણી જવાનભાઈ કે.પરમાર હોજર રહી શાળાના આચાર્ય જગદીશકુમાર કાનસિંહ પરમારને અવોર્ડ અને પ્રમાણપત્ર ખાપી સન્માન કરવામાં આવ્યું.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર તાલુકાના માનગઢ ધામ ખાતે શહીદોની ભૂમિ પર પ્રથમવાર ધ્વજ વંદન કરવામાં આવ્યો. સંતરામપુર તાલુકાના માનગઢ ધામ ખાતે શ્રી ગુરૂ ગોવિંદ શહીદોની ભૂમિ સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર વરદ્ધ હસ્તે વર્ષો પછી પ્રથમવાર ૭૨માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજ વંદન કરવામાં આવ્યો અને ઝંડો ફરકાવવા આવેલો હતો અને સલામી આપવામાં આવી હતી. સાથે દેવી-દેવતાઓની પણ પૂજા કરવામાં આવેલી હતી. આ પ્રસંગે સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર ગ્રામજનો અને અગ્રણીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.



સંતરામપુર આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. સંતરામપુર આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ. ના વિદ્યાર્થીઓ કોલેજના આચાર્ય અભય પરમાર, મનુભાઈ સુથાર અને સ્ટાફ ગણ હાજર રહ્યા હતા.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ૭૨માં સ્વાતંત્ર પર્વની ઉજવણી. સંતરામપુર તાલુકા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન માં સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી. શિક્ષણ ભવન કલાર્ક આર.આર.ખડીયા ના વરદ હસ્તે ધ્વજવંદન કરાયું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય અરવિંદભાઈ પટેલ, સુલતાન સિંહ રાઠોડ, સ્ટાફ ગણ પ્રાથમિક શાળાના શિક્ષકો હાજર રહ્યા હતા.

# મહીસાગરમાં ૩૧ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય પલ્સ પોલીયો અભિયાન અંતર્ગત બાળકોને આવરી લેવાશે

લુણાવાડા, જિલ્લા કલેકટર આર.બી.બારડના અધ્યક્ષ સ્થાને પોલીયો સ્ટીયરીંગ કમિટી ની બેઠક યોજાય હતી. જેમાં શિક્ષણ વિભાગ, બાળ વિકાસ વિભાગ, IMA પ્રમુખ, WHO ના પ્રતિનિધિ અને વિવિધ તાલુકાના ચીફ ઓફિસરોની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લાના ૦ થી ૫ વર્ષના કુલ ૧,૩૯,૫૧૦ બાળકો જેનો લાભ મેળવશે. તે અંતર્ગત મહીસાગર જિલ્લામાં આગામી તા.૩૧–૦૧–૨૦૨૧ ના રોજ યોજાનાર રાષ્ટ્રીય પલ્સ પોલીયો અભિયાન અંતર્ગત આ અભિયાનને સુપેરે પાર પાડવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સઘન આયોજન ઘડી કાઢી જિલ્લાનુ કોઈ પણ પાંચ વર્ષ સુધીનું બાળક પલ્સ પોલીયો અભિયાનથી વંચિતના રહી જાય તે માટે લુણાવાડા તાલુકામાં ૧૫૦ બુથ પર ૩૭૩ ટીમ, ૦૨ મોબાઇલ ટીમ, ટ્રાન્સીટ ટીમ ૧૧, કુલ બાળકો ૩૭૦૨૨, ખાનપુર તાલુકામાં ૫૫ બુથ, ૧૨૦ ટીમ, મોબાઇલ ટીમ બે, ટ્રાન્સીટ ટીમ ૦૧, કુલ બાળકો ૧૨૮૦૭, કડાણા તાલુકામાં ૭૬ બુથ, ૧૮૬ ટીમ, ટ્રાન્સીટ ટીમ ૦૨, કુલ બાળકો ૧૪૫૬૩, વીરપુર તાલુકામાં ૪૯ બુથ, ૧૦૮ ટીમ, કુલ બાળકો ૧૩૩૭૫, સંતરામપુર તાલુકામાં ૧૫૨ બુથ, ૨૩૩ ટીમ, મોબાઈલ ટીમ ૦૧, ટ્રાન્સીટ ટીમ ૧૧, કુલ બાળકો ૩૭૩૨૮ અને બાલાસિનોર તાલુકામાં ૭૯ બુથ, ૧૬૭ ટીમ, મોબાઈલ ટીમ ૦૧, ટ્રાન્સીટ ટીમ ૦૨, કુલ બાળકો ૨૪૪૧૫ મળી મહીસાગર જિલ્લામાં ૫૬૧ બુથો પર ૧૧૮૭ ટીમ, ૦૬ મોબાઈલ ટીમ અને ૨૭ ટ્રાન્સીટ ટીમ દ્વારા જિલ્લાના કુલ બાળકો ૧૩૯૫૧૦ ને આ રાષ્ટ્રીય પલ્સ પોલીયો અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે.

# હાલોલ-વડોદરા રોડ ઉપર ગીતાનગરના બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી

હાલોલ, હાલોલ–વડોદરા રોડ ઉપર આવેલ ગીતાનગર સોસાયટી બંધ મકાનને તસ્કરો એ નિશાન બનાવ્યું હતું. ઘરના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના તેમજ રોક્ક મળી ૨૪,૫૦૦/–રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં પોલીસ ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ–વડોદરા રોડ ઉપર આવેલ ગીતાનગર સોસાયટીના મકાન નંબર ૨૧–૨૨ માં રહેતા ચિરાગભાઈ સોમાભાઈ પ્રજાપતિના બંધ મકાનને ૨૦ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી વચ્ચે તસ્કરો એ નિશાન બનાવ્યું હતું અને ઘરના દરવાજાનું તાળું તોડી રૂમમાં ડ્રોવર માં રાખેલ સોનાની ચેઈન, છડા જોડ નંગ–૨, ચાંદી મંગળસૂત્ર તેમજ રોકડા ૧૫૦૦/ –રૂપીયા મઈળી ૨૪,૫૦૦/–રૂપીયાના મુદ્દમાલની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવ પામી છે.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ નોંધાયા : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૯૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૭–૦૧–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૯૯૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૯૪૧૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૩ દર્દી હોમ આઇસોલેશન અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓકિસજન પર છે.

# ગોધરા શહેરમાં ૨૬ મી જાન્યુઆરીની સંધ્યા ના સમયે રામ ના નામે, રાષ્ટ્ર ના નામે !


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ભગવાન શ્રીરામના ભવ્ય મંદિર નિર્માણ હેતુ નિધિ સમર્પણ અભિયાન સમગ્ર ભારત દેશમાં ચાલી રહ્યું છે. ત્યારે તેના નિમિત્તે ગોધરા નગર દ્વારા આ નીધિ સમર્પણ અભિયાનને સફળ બનાવવા માટે રામ ભકતોને અભિયાનમાં જોડાવા માટેની અપીલ કરતા વીડિયો કે જે ગોધરાની ખુશી બહેન વશાણી તથા તેની ટીમ અને પ્રીયા બહેન સોની દ્વારા બનાવવામાં આવેલ તેના લોન્ચિંગ તથા ભક્તી સંધ્યાનો કાર્યક્રમ સરદાર નગર ખંડમા રાખેલ હતો. જે આદરણીય વાસુદેવભાઈ મહેદ્રુ, આર .એસ.એસ.ના માનનીય જીલ્લા સંઘ ચાલક રાજુભાઈ જોષી, જીલ્લા કાર્યવાહ હીરેનભાઈ પંડ્યા તથા વિશ્વ હિન્દૂ પરીષદના વિભાગ મંત્રી ઈમિશભાઈ પરીખ શંભુ પ્રસાદ શુકલ ભાજપ જીલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ગોધરા ભાજપ શહેર પ્રમુખ દીલીપભાઈ દસાડીયા ગોધરા જીલ્લા સરકારી વકીલ રાકેશ ઠાકોર તેમજ અન્ય આગેવાનો અને કાર્યકર્તા નગરજનો ની પ્રેરક ઉપસ્થિતિથી થી કાર્યક્રમને સફળ બનાવવા આવેલ. ગોપાલભાઈ પટેલ તથા તેમના ગ્રુપ દ્વારા સુર અને સંગીતના તાલે ખુબ જ સુંદર ભકતીમય વાતાવરણ બનાવવામાં આવેલ. આ કાર્યક્રમ નું આયોજન શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિ પંચમહાલ. ગોધરા દ્વારા કરવામાં આવેલ જે સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેન્દ્રભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ.

# ઘોઘંબાના ખીલોડી ગામેથી ૨૮ હજારના દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ખીલોડી ગામે રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૨૭,૭૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.


પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ખીલોડી ગામે પટેલ ફળીયામાં રહેતા મહેન્દ્ર પ્રતાપભાઈ પટેલ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેડ કરી ઈંગ્લીશ દારૂ અને બીયરની બોટલ નંગ–૧૩૨ કિંમત ૨૮,૭૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે મહેન્દ્ર પટેલને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# ગોધરા નદીસર ગામે પાટોત્સવ નવચંડી યજ્ઞ યોજાયો


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા, ગોધરા તાલુકાના નદીસર ગામે રાજપૂત સમાજના લાકોડ પરિવારોના કુળદેવી હરસિધ્ધી માતાજીના મંદિરને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સાત વર્ષ પૂર્ણ થતાં પાટોત્સવનું આયોજન નદીસર રાજપૂત સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં નવચંડી પૂજામાં બ્રાહ્મણો દ્વારા વેદોકૃત મંત્રોથી માતાજીનું પૂજન–અર્ચન અને યજ્ઞ કરવામાં આવ્યો હતો. માતાજીના પૂજનમાં લાકોડ પરિવારના ચૌદ યજમાનો એ સજોડે લાભ લીધો હતો.

# પંચમહાલના વેજલપુર ગામ નું ગૌરવ વધારતો ST ડ્રાયવર



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વિભાગ કચેરી નડીઆદ દ્વારા ૧૦ ડ્રાયવર અને ૧૦ કંડકટર ને ૨૬ મી જાન્યુઆરી ના રોજ પ્રશંશા પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા જેમા કાલોલ તાલુકાના વેજલપુર ગામ ના ઈરફાન એ ટપ ને સમ્માનિત કરતા વેજલપુર ગામ નુ ગૌરવ દિવાળી એક્સ્ટ્રા સંચાલન ૨૦૨૦ દરમિયાન નોવેલ કોરોના વાઇરસ (ભજ્ઞદશમ૧૯)જેવી વૈશ્વિક મહામારી હોવા છતા ૧૦ ડ્રાયવર અને ૧૦ કંડકટર એ પોતાના અને પરિવાર ની ફિકર કર્યા વગર એસ, ટી , નિગમ ની પ્રતિષ્ઠા ને વધુ મજબૂત કરવા તેમજ મુસાફરો ને સુવિધા સગવડ તાને ધ્યાને રાખી એસ ટી નિગમ મા આવક વધારો થાય તે હેતુસર ડ્રાયવર અને કંડકટર ઉતકુષ્ટ નિષ્ઠા પુર્વક અને સેંષ્ઠ ફરજ બજાવી મહત્તમ કિલોમીટર મા આવક વધારી ઈ.પી.કે.એમ પ્રાપ્ત કરવા બદલ નડીઆદ એસ ટી નિગમ દ્વારા ૨૬ જાન્યુઆરી ના રોજ ૧૦ ડ્રાયવર અને ૧૦ કંડકટર ને પ્રસંશા પત્ર આપી ને સમ્માનિત ર્ક્યા હતા જેમા વેજલપુર ગામ ના ડ્રાયવર ઈરફાન એ ટપ એ લપુર ગામ નુ ગૌરવ વધાર્યું હતું.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૮-૦૧-૨૦૨૧, ગુરૂવાર, પોષ સુદ-૧૫, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૩૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ અશ્વિની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૩૮થી ૧૩-૨૨ સુધી, ૭-૨૯થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૭થી ચલ-લાભ-અમૃત-૧૫-૪૫ સુધી, ૧૭-૦૮ થી શુભ-અમૃત-ચલ-૨૧-૪૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૯ થી ૮-૨૪ સુધી ૧૦-૧૪થી ૧૨-૫૯ સુધી, ૧૩-૫૫ થી ૧૪-૫૦ સુધી, ૧૬-૪૦થી ૧૯-૩૬ સુધી |

# દૈનિક રાશીફળ

તા.૨૮.૦૧.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- મિત્રોની સલાહને ધ્યાનમાં લેજો જો કે નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી સીઝનલ ધંધામાં લાભ મેળવશો.

વૃષભ(બ.વ.ઉ.) :- અધીકારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય વિદેશ સાથેના વ્યવસાવમાં અનુકુળતા રહેવાની પ્રવાસ થાય.

મિથુન(ક.છ.ઘ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી ભાઈ-બહેનો સાથેના સંબંધોમાં સુમેળ વધવાનો સંસ્થાના કાર્યને લઈને મુસાફરી થાય.

કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યો તમારી ખુશમાં આવેલ થશે ઉત્સાહ વધવાનો નવી યોજનામાં તમારી મહેનતનું ફળ મળવાનું.

સિંહ(મ.ટ.) :- જમીન-મકાનના કાર્યમાં સફળતા મળવાની કર્જમાં રાહ થવાની અધિકારી વર્ગ તમારા કાયૃથી ખુશ થશે.

કન્યા(પ.ઠ.ણ.) :- તમારા નિર્ણયો યોગ્ય છે કે કેમ? તે બાબત વિચાર કરજો વિદેશથી નાણાકીય લાભ મળે સ્વાસ્થ્ય જાળવવું.

તુલા(ર.ત.) :- મન પરનો ભાર હળવો થવાનો આત્મ વિશ્વાસ વધે. નવી મિત્રતા લાભ દાયક રહેશે. ગુસ્સને કાબુમાં રાખજો.

વૃશ્ચિક(ન.ય.) :- અંધ શ્રધ્ધાથી દૂર રહેજો તમો ખૂબ જ મહેનત કરો છો તેનુ ફળ તમોને મળવાનું છે. કર્જમાં રાહત રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- તમારી જવાબદારીઓ વધવાની જીુના કર્જના પ્રશ્નોને ધ્યાનમાં રાખજો. સ્વાસ્થ્ય બાબત સુધારો રહે.

મકર(ખ.જ.) :- નિર્ણયો લેવામાં અનુકુળતા રહેશે. નોકરીમાં સારી તક ઉભી થાય કાર્યભાર રહે. કાલ્પનીક વિચારો ટાળવા.

કુંભ(ગ.શ.સ.) :- આર્થિક બાબતોમાં અનુકુળતા જોવા મળે. વાંચન પ્રત્યે રૂચી વધવાની આત્મ વિશ્વાસ વધવાનો પ્રવાસનું આયોજન થાય.

મીન(દ.ચ.ઝ.) :- તબીયત બાબત ધ્યાન દેજો ભાગીદારોને સહકાર દેવો પ્રવાસમાં સાવધાની રાખવી વડીલ વર્ગની સલાહ લેજો.

# દાહોદમાં રાજ્યકક્ષાના ૭૨માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદમાં ૭૨માં પ્રજાસત્તાક પર્વના રાજ્યોત્સવની કરી જાનદાર–શાનદાર ઉજવણી : રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂન અને હેલિકોપ્ટરમાંથી પુષ્પવર્ષા વચ્ચે લહેરાયો રાષ્ટ્રધ્વજઃ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રજાસત્તાક દિવસે ગરવા ગુજરાતીઓનું કર્યું અભિવાદન : પોલેન્ડના Consuel General શ્રીયુત Damian Irzyk ની વિશેષ ઉપસ્થિતિ, નાગરિકોએ કોવીડની સંપૂર્ણ ગાઈડ લાઈન સાથે ગણવેશધારી દળોની ગૌરવશાળી શિસ્તબદ્ધ કૂચને તાળીઓ નાદથી વધાવી : રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ૭૨મા પ્રજાસત્તાક પર્વના મંગળ પ્રભાતે, પોલીસ બેન્ડવાદકો દ્વારા રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂનની સુરાવલીઓ અને ભારતીય


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



વાયુદળના હેલિકોપ્ટરમાંથી પુષ્પ પાંખડીઓની વર્ષા અને દેશભક્તિની લાગણીઓથી છલોછલ વાતાવરણમાં રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લહેરાવ્યો હતો. ગણતંત્ર દિવસના આ મુખ્ય સમારોહનો નજારો માણવા રાષ્ટ્રપ્રેમથી તરબતર દાહોદના નગરજનો નવજીવન કોલેજ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડયા, મુખ્યમંત્રી તેમજ રાજયપાલે ગ્રાઉન્ડમાં હાજર આમંત્રિત મહેમાનોનું અભિવાદન કર્યું હતું.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી સાથે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ઉન્નત ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ત્યાર બાદ રાજયપાલ અને મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં પરેડનું નીરીક્ષણ પણ કર્યું હતું.આ અવસરે પોલેન્ડના Consuel General eys Damian Irzyk વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

ઊગતા સૂરજના પ્રદેશ એવા દાહોદમાં ગણતંત્ર પર્વની ઉજવણી નિહાળવાના લોકોત્સવની અસીમતાની પ્રતીતિ એ વાતથી થતી હતી કે સવારથી જ કોવીડ – ૧૯ ની સંપૂર્ણ ગાઈડ લાઈન સાથે નાગરિકો હાજર રહ્યા હતા. લોકોએ શરૂઆતથી અંત સુધી રસપૂર્વક સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજ્યના જિલ્લા મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરીને પ્રજાશકિતને સહભાગીદાર બનાવવાના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગવી અને ક્રાંતિકારી પહેલના પગલે ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી આદિવાસી પંથક દાહોદના આંગણે યોજાઈ હતી.

પોલીસ દળના મહિલા અને પુરૂષ મોટર સાઈકલ સવારોએ હેરતભર્યા કરતબો કરી સોને મંત્રમુગ્ધ કર્યા.

૧૨ જેટલી પ્લાટુનમાં ગુજરાત પોલિસદળના ૪૯૦ ઉપરાંત જવાનોએ આઈ.પી.એસ અધિકારી અને પરેડ કમાન્ડન્ટ વિકાસ સુંદા નેતૃત્વમાં પરેડ યોજાઇ હતી.પોલીસ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે તાલ મિલાવતી, પ્રભાવશાળી કૂચ કદમ (માર્ચ પાસ્ટ) ગણવેશધારી ટૂકડીઓએ રજૂ કરી ત્યારે લોકોએ હર્ષનાદથી પોલીસ જવાનોની શિસ્તબધ્ધતાને વધાવી લીધી હતી. શ્વાન દળ અને પોલીસના મહિલા અને પુરૂષ મોટર સાઈકલ સવારો દ્વારા હેરતભર્યા કરતબો નિહાળી દાહોદ વાસીઓ મંત્રમુગ્ધ બન્યાં હતા આદિજાતિ સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ, હેરતભર્યા મોટર સાઈકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી સમયે ઉપસ્થિત રહેલા સ્વાતંત્ર્યસેનાનીઓનું રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ સન્માન કરી પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે પરેડમાં પ્લાટુન નં–૩ સુરત શહેર મહિલા પોલીસ પ્રથમ, બીજા ક્રમે પ્લાટુન નં–૧ ચેતક કમાન્ડો અને ત્રીજા ક્રમે પ્લાટુન નં–૬ દાહોદ જિલ્લા પુરૂષ પ્લાટુંન આવતા રાજ્યપાલ તથા મુખ્યમંત્રીના હસ્તે રનીંગ ટોફી એનાયત કરાયા હતા. મોટર સાયકલ સ્ટંટ શોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસકર્મી દેવીલાલ રોત, તૃપ્તિબેન માંડાની, ડોગ શો માં ઉત્તમ દેખાવ કરનાર રાણાભાઈ ખીમાણી,અશ્વ સવાર જી. એચ. મીરને રાજયપાલ તથા મુખ્યમંત્રીના હસ્તે સન્માનીત કરાયા હતા.

રાજયપાલ તથા મુખ્યમંત્રીએ આયુષમાન ભારત યોજના તહત પ્રધાનમંત્રી જનઔષધિ તેમજ મા વાત્સલ્ય અને મા અમૃતમ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરનાર દાહોદના ડો.સંજીવકુમાર, ડો.બિરેન પટેલ અને ડો.કશ્યપ વૈદ્યનું પ્રશસ્તિ પત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લેડી ગવર્નર દર્શના દેવી, મુખ્યમંત્રીના ધર્મપત્ની મતી અંજલીબહેન રૂપાણી, સાંસદ જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, વજુભાઈ પણદા, ચંદ્રિકાબેન બારીયા,રમેશભાઈ કટારા, વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર, યુવક સેવા વિભાગના સી.વી. સોમ, માહિતી નિયામક અશોક કાલરીયા,કલેકટર વિજય ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ, જિલ્લા પોલીસ અધિકારી હિતેશ જોયસર, નિવાસી અધિક કલેકટર મહેશ દવે સહિત ઉચ્ચ અધિકારીઓ, જિલ્લાના લબ્ધપ્રતિષ્ઠિત નાગરિકોએ ઉપસ્થિત રહી રાજયપાલ અને મુખ્યમંત્રીને પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલા દાહોદ જિલ્લા કોંગ્રેસમાં મોટા પાયે ધોવાણ

# કોંગ્રેસના ૧૦ તેમજ આપ પાર્ટીનો ૧ મળી કુલ ૧૧ આગેવાનો ભાજપમાં જોડાયા



દાહોદ,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ રાજકીય પક્ષોમાં ધમાસાણ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ચૂંટણીઓની તારીખો જાહેર થતાં જ ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોને સાંભળવા દાહોદમાં બીજેપીના નીરીક્ષકો આજે દાહોદમાં છે. તેવામાં દાહોદ જિલ્લામાં કોંગ્રેસનું ધોવાણ થતાં પીઠ રાજકારણીઓ, પૂર્વ પ્રમુખો, મહામંત્રી સહીતના હોદ્દેદારો તેમજ મહિલા કોર્પોરેટર સહીત કોંગ્રેસના ૧૦ તેમજ ૧ આપ પાર્ટીના મળી કુલ ૧૧ આગેવાનો ભાજપમાં જોડાઈ જતા દાહોદ જિલ્લામાં રાજકીય ભૂકંપની સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. આજરોજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન લીમખેડા તીર્થ સ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પ્રમુખ શંકરભાઈ આમલીયાર, ભાજપ જિલ્લા મંત્રી સ્નેહલભાઈ ધરીયા તેમજ જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ સુધીરભાઈ લાલપુરવાળાની હાજરીમાં કોંગ્રેસના ૧૦ તેમજ આપ પાર્ટીના ૧ મળી કુલ ૧૧ આગેવાનો આજે વિધિવત રીતે ભાજપમાં જોડાઈ જતા રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો. જોકે હજી પણ કેટલાક મુરતિયાઓ પણ નજીકના સમયમાં ભાજપમાં જોડાવવાની પપ્રબળ શક્યતાઓ જોવાઈ રહી છે. ત્યારે અગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભારે રસપ્રદ જંગ જમવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

### વોર્ડ ૧ ની મહિલા કોર્પોરેટરે આગામી નગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટાવા માટે બીજેપીમાં સામેલ થયાંની ચર્ચાઓ

દાહોદ શહેરના વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસના બેનર તળે ચૂંટાયેલી મહિલા કાઉન્સિલર માસુમાંબેન ગરબાડાવાળાની ભાજપમાં જોડાવવાની ચર્ચાઓ છેલ્લા કેટલાય દિવસથી ચાલી રહી હતી. અને આજરોજ આખરે માસુમાબેન બીજેપીમાં જોડાઈ જતા અટકળોનો અંત આવ્યો હતો. જોકે જાણવા મળ્યા અનુસાર આ વખતે તેમના વોર્ડમાં કોંગ્રેસના બેનર તળે જીતવાની આશા ખુબ જ ધૂંધળી હોઈ અને બીજેપી પાસે આ વિસ્તારમાં વ્હોરા કોમ્યુનિટીના વોટ બેંકના સમીકરણ ને ધ્યાને રાખી વ્હોરા કોમ્યુનિટીમાંથી સક્ષમ ઉમેદવાર ના હોઈ તેમને બીજેપીમાં સામેલ કર્યા હોવાનું જાણવા મળેલ છે. તેમજ માસુમાબેનને ભાજપમાં લાવવા માટે દાહોદ શહેરના કદાવર આગેવાનો સહીત કાર્યકર્તાઓ છેલ્લા કેટલાક પ્રયાસ કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.અને આજરોજ કોંગ્રેસ તેમજ આપ પાર્ટીમાંથી બીજેપીમાં આવેલા ૧૧ આગેવાનોમાં માસુમાબેનનો પણ સમાવેશ થયો છે.જોકે તેઓને વોર્ડ નંબર ૧ માંથી બીજેપીના બેનર તળે તેઓને ટિકિટ મળશે કે કેમ?અને જો ટિકિટ મળી જાય તો પુનઃ વિજય પ્રાપ્ત કરશે કે કેમ? તે હાલ ભવિષ્યના ગર્ભમાં છે. જોકે આ તમામ સંભાવનાઓની વચ્ચે વોર્ડ નંબર ૧ માં ઉમેદવારોની પસંદગીને લઈને પાર્ટીમાં અંદરોઅંદર આંતર ગજગ્રાહ થવાની પૂરેપૂરી શક્યતાઓ જોવાઈ રહી છે.જોકે બીજેપી આલાકમાન મહિલા ઉમેદવારોમાં કોને ટિકિટ આપે છે.અને પ્રજા તેમનો સ્વીકાર કરે છે કે કેમ? તે જોવું રહ્યું છે.

### તકવાદી હોવાના કોંગ્રેસના સ્થાનિક નેતાઓના આક્ષેપોથી રાજકારણમાં ગરમાવો

દાહોદ નગરપાલિકાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ભંગાણ સર્જાતા શહેરનો રાજકીય વાતાવરણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં વર્ષોથી રાજકારણમાં સક્રિય તેમજ લગભગ ૩૫ ઉપરાંત સંસ્થાઓ ધરાવતા કોંગ્રેસના પીઠ રાજકારણી ગણાતા ગોપાલભાઈ ધાનકા ૨૦૦૫ માં પણ કોંગ્રેસ જોડે છેડો ફાડી ભાજપમાં સામેલ થયાં હતા.તેમજ ટૂંકા ગાળામાં જ પુનઃ કોંગ્રેસમાં સામેલ થઈ જતા તેઓની ઘરવાપસી થઈ હતી. હાલ જયારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના લીધે રાજકીય પક્ષો સક્રિય થયાં છે. તેમજ ભાજપના ચૂંટણી નિરીક્ષકો આજે દાહોદમાં આવ્યા છે ત્યારે લીમખેડા ખાતેના કાર્યક્રમમાં ગોપાલભાઈ ધાનકા ફરી એક વખત કોંગ્રેસ જોડે છેડો ફાડી ભાજપમાં જોડાયા છે.ત્યારે આ વખતે તેઓની બી.એડ. કોલેજ ને ગુરૂ ગોવિંદસિંહ યુનિવર્સીટીની માન્યતા પ્રાપ્ત ન થતાં ૪૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓની લાયકાત ઉપર સવાલો ઉભા થવા પામ્યા હતા. જેને લઈને લાંબી લડત બાદ પણ કોલેજની માન્યતા બાબતે પરિણામ શૂન્ય આવ્યો હતો. અને ત્યારબાદ ભાજપના સ્થાનિક કદાવર નેતા જોડે મળી ભાજપ હાઈકમાન્ડ જોડે બંધ બારણે ડીલ(સોદેબાજી) થયાં બાદ તેમની બી.એડ. કોલેજને યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત થઈ હતી. અને ભાજપ જોડે થયેલ ડીલ(સોદાબાજી) સંદર્ભે તેઓ પુનઃ ભાજપમાં આવ્યા હોવાની ચર્ચાઓ દાહોદ શહેરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. જયારે કોંગ્રેસના જુના અને પીઠ રાજકારણીઓના જણાવ્યા અનુસાર ગોપાલભાઈ ધાનકા આ અગાઉ ૨૦૦૫ માં પણ તક નો લાભ લેવા ભાજપમાં ગયા હતા. અને બાદમાં તેઓની ઘરવાપસી થઈ હતી.ત્યારે પહેલાની જેમ તકનો લાભ લેવા કોંગ્રેસ છોડી ભાજપમાં ગયા હોવાનું કોંગ્રેસના અંગત વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ફતેપુરા તાલુકા કુમાર શાળામાં પ્રજાસત્તાક પર્વ ની ધામધૂમ પૂર્વક ઉજવણી



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા તાલુકા કુમાર શાળામાં ૨૬ મી જાન્યુઆરી રાષ્ટ્રીય પર્વ પર્વ પ્રજાસત્તાક પર્વની ભારે ધામધૂમ પૂર્વક મનાવવામાં આવેલ હતું. ફતેપુરાના પીઢ પત્રકાર શબ્બીરભાઈ સુનેલ વાલાના વરદ હસ્તે દવજને દવજ વંદન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે તાલુકા કુમાર શાળાના આચાર્ય રમેશભાઈ કટારા ફતેપુરા ગ્રામ પંચાયતના સરપંચ કચરૂભાઈ પ્રજાપતિ ગ્રામ પંચાયતના સભ્ય વિશાલભાઈ નહાર દિલીપભાઈ પ્રજાપતિ એડવોકેટ શરદભાઈ ઉપાદયાય પત્રકાર રમેશભાઈ પટેલ તાલુકા કુમાર શાળાના શિક્ષકો શિક્ષિકા બહેનો ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચના ઉપપ્રમુખ પંકજભાઈ પંચાલ ખૂબ જ મોટી સંખ્યામાં ગ્રામજનો શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પત્રકાર શબ્બીરભાઈ સુનેલવાલા એ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આપણા રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગસ્ટ તેમજ ૨૬ મી જાન્યુઆરી દરેક એ ફરજિયાત હાજર રહેવા માટે તાકીદ કરી હતી. આપણા દેશ ને આઝાદ આઝાદી અપાવવા માટે બલિદાન આપનાર બલિદાન આપનાર વીરો ને યાદ કરી કોરોના મહામારી ભયંકર વાયરસ ને રસીની શોધ માટે રાત દિવસ એક કરનાર વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા.

# ગોધરા કલેક્ટર કચેરી ખાતે ૧૧માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મતદાર યાદી તૈયાર કરવા સહિતની શ્રેષ્ઠ કામગીરી કરનાર સેક્ટર ઑફિસર અને બી.એલ.ઓ. સહિતના કર્મચારીઓને પ્રશસ્તિપત્ર અર્પણ કરવા ઉપરાંત યુવા મતદારોને આવકારવામાં આવ્યા હતા.

તા.૨૫ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી. જેની યાદગીરીના ભાગરૂપે પ્રતિવર્ષ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી છે. બને સૌ મતદાર સશક્ત, સુરક્ષિત અને જાગૃત થીમ પર ઉજવાયેલા ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે મહામહિમ રાજ્યપાલ દેવવ્રત આચાર્યજી, રાજ્ય ચૂંટણી કમિશનર સંજય પ્રસાદ અને મુખ્ય નિર્વાચન અધિકારી ડો.એસ. મુરલીક્રિષ્ના સહિતના મહાનુભાવો ઈ–કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. સાથે જ કેન્દ્રના મુખ્ય નિર્વાચન આયુક્ત સુનિલ અરોરા દ્વારા ઈ–માધ્યમથી રાષ્ટ્રીય મતદાતા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

યુવા મતદાતાઓમાં મતદાન માટેની જાગૃતિ અંગે આનંદ વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક દેશ ભારતમાં અલગ અલગ પ્રદેશોની સાંસ્કૃતિક અને સામાજીક વિવિધતાઓને એક સાથે આવરી લઈ નિષ્પક્ષ ચૂંટણી દ્વારા ચૂંટણી આયોગ પોતાની જવાબદારી સુપેરે નિભાવી રહ્યું છે. ત્યારે મતદારોએ કોઈ ભય, દબાણ કે લાલચ વગર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી સશક્ત રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

આ પ્રસંગે રાજ્ય ચૂંટણી કમિશનર સંજય પ્રસાદ અને મુખ્ય નિર્વાચન અધિકારી ડો.એસ. મુરલીક્રિષ્ના દ્વારા મતદારોની જાગૃતિ, ટેક્નોલોજીના ઉપયોગ અને ચૂંટણી આયોગની કામગીરી સહિતની બાબતો પર વિસ્તારથી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લામાં શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રતાપસિંહ ચૌહાણ વર્ચ્યુલી જોડાયા હતા.

પંચમહાલ જિલ્લા કલેકટર અમિત અરોરાએ આ પ્રસંગે મતદાર દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે આપણા બંધારણે નાગરિકોને કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય ઉંમરના આધારે તમામને મતદાનના અધિકારો આપ્યા છે. વ્યક્તિ ૧૮ વર્ષનો થાય ત્યારે મતદાર યાદીમાં નામ નોંધાવી આ હક પ્રાપ્ત કરી શકે છે. તેમણે નવા નોંધાયેલા મતદારોને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, આપણને જ્યારે બંધારણે મતદાનનો અધિકાર આપ્યો છે ત્યારે આવનારી તમામ ચૂંટણીઓમાં મતદાન કરી આપણી લોકશાહી વ્યવસ્થાને વધુ મજબુત બનાવીએ. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સફળ અને સર્વસમાવેશી લોકતંત્રમાં જાગૃત મતદારો પોતાના મતાધિકારના ઉપયોગ થકી રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ અદા કરવા જાગૃત બને તે છે. ભારતની ચૂંટણી પ્રક્રિયા અન્ય લોકતાંત્રિક દેશોમાં પણ ઉદાહરણરૂપ છે તેનું સૌથી મહત્વનું કારણ છે તેની નિષ્પક્ષતા. ચૂંટણીની તમામ પ્રક્રિયા માટે વિસ્તારથી નિયમો બનાવવામાં આવ્યા છે અને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થનાર કર્મચારી–અધિકારીઓ પણ પોતે મતદાતાઓ છે. કલેક્ટરએ ઉમેર્યું કે યુવા મતદાર પોતાના મતદાનના હક્ક પ્રત્યે જાગૃત અને પ્રોત્સાહિત થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સાથે જ ચૂંટણી સમયે આચારસંહિતાના સુચારૂ પાલન માટે વહિવટી તંત્ર કટીબદ્ધ છે. તેમણે જણાવ્યું હતુ કે સમય સાથે મતદારોની સુવિધામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે, જેના ભાગરૂપે આજે પંચ દ્વારા ઈ–એપિક લોન્ચ કરવામાં આવી રહ્યું છે. ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી વેબસાઈટ પર મુકવામાં આવી છે જ્યાં મતદાર પોતાનું નામ તથા મતદાન સ્થળ સહિતની વિગતો સરળતાથી મેળવી શકે છે. સાથે જ ચૂંટણી જેવી અતિ સંવેદનશીલ પ્રક્રિયાને નિષ્પક્ષતાથી પૂર્ણ કરી લોકશાહીની ગરીમા જાળવવી સૌ મતદારોનું કર્તવ્ય છે.

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત જિલ્લામાં સેક્ટર ઓફિસર, બી.એલ.ઓ. તથા કેમ્પસ એમ્બેસેડર સહિતની ચૂંટણીલક્ષી ઉત્તમ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રશસ્તિપત્ર એનાયત કર્યા હતા. સાથે જ ૧૮ વર્ષ પૂર્ણ કરી ચૂંટણી કાર્ડ મેળવી પ્રથમ વેળાના યુવા મતદાતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ એક જવાબદાર મતદાતા તરીકે પોતાની ફરજ અદા કરવા શપથ ગ્રહણ કર્યા હતા.

આ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર એલ.બી. બાંભણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દિલીપ દેસાઈ, પ્રાંત અધિકારી વિશાલ સક્સેના, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. પંચાલ, ચૂંટણી મામલતદાર, એનજીઓ, એનએસએસ, એનસીસીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત અમદાવાદમાં



અમદાવાદ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત અમદાવાદમાં છે. ત્યારે મોહન ભાગવતની અધ્યક્ષતામાં સંઘના પ્રદેશ હોદ્દેદારોની મહત્વની બેઠક યોજાશે. સંઘ કાર્યાલયમાં યોજાનારી આ બેઠકમાં સંઘની પ્રદેશ ટીમ દ્વારા વર્ષ દરમ્યાન કરાયેલા કામો અંગે ચર્ચા થશે. સાથે સાથે આગામી સમયની રૂપરેખા પણ નક્કી કરાશે. ઉલ્લેખનીય છે કે ગતરોજ સંઘના વિવિધ આયામો ધર્મ જાગરણ, સામાજિક સમરસતા તેમજ પર્યાવરણ સહિતના ૨૨ આયામો પર બેઠક યોજાઈ હતી.

## દે.બારીઆ નગર પાલિકામાં શહેરની સ્વચ્છતા પાછળ લાખ્ખો કરોડોનું ધુમાડો છતાં સ્વચ્છતાનો અભાવ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકામાં સ્વચ્છતા પાછળ લાખ્ખો–કરોડોની ગ્રાન્ટ ભારત મિશન અંતર્ગત આવે છે. જે સુનિયોજીત તે મુજબ સ્વચ્છતા હોવી જોઈએ તે મુજબની સ્વચ્છતા લાખ્ખો–કરોડો ખર્ચ કર્યા બાદ પણ દેખવામાં મળતી નથી.

મળતી માહિતી અનુસાર દે.બારીઆ શહેરમાં ડોર ટુ ડોર માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિ છે. તે કોન્ટ્રાક્ટ પણ મળતીયાના નામે હોય છે. જેથી નોમીનેટ કોન્ટ્રાકટર મનમાની કરે છે. તેમજ રાત્રી સફાઈ નામે મીંડુ છે. જે રાત્રી સફાઈ અભિયાન શહેરના મેન રોડ એટલે સર્કલ બજાર થી બસ સ્ટેન્ડ સુધી રાત્રીમાં સફાઈ કરાતી હતી. તે રાત્રી સફાઈ કરવામાં આવતી નથી. જેથી બજારો બંધ થયા બાદ કચરાનું ઢગ ત્યાં જ દેખવા મળે છે. સવારે આઠ થી અગ્યારમાં જે રૂટીંગ મુજબ સફાઈ થાય ત્યારે મેન બજાર કલીયર થાય છે. સેનેટરી ઈન્સ્પેકટર આ અંગે ધ્યાન આપે અને જે રાત્રી મેન રોડ બસ સ્ટેન્ડ સુધી સાફ કરવામાં આવતું હતું. તે મુજબ રાત્રી દૈનિક મેન રોડ બસ સ્ટેન્ડ સુધી સફાઈ થાય તેવી શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

## અમદાવાદી વેપારીએ CID ક્રાઈમ પર લગાવ્યો આક્ષેપ

અમદાવાદ,

અમદાવાદ ગીતા મંદિર એસટી સ્ટેન્ડ પર આવેલ મોબાઈલ એસેસરીઝની દુકાન ધરાવતા વેપારીએ સીઆઈડી ક્રાઈમ પર આક્ષેપ કરતી અરજી ઉચ્ચ પોલીસ અધિકારીઓને કરી છે. હબ ટાઉન નામની મોબાઈલ શોપ ધરાવતા અશોક જેઠવાણીનું કહેવું છે કે, નવેમ્બર ૨૦૨૦માં સીઆઈડી ક્રાઈમે તેમના કોમ્પલેક્ષમાં અલગ અલગ દુકાનોમાં રેડ કરી હતી. જેમાં બ્રાન્ડેડ કંપનીની બનાવટી એસેસરીઝ અંગે ની ફરિયાદ દાખલ કરીને લાખ્ખોની મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે, આ રેડ દરમિયાન દુકાનોમાંથી ડીવીઆર લઈ જવામાં આવ્યા હતા. જે ડી વી આર પરત મેળવવા માટે અશોક જેઠવાણીએ સીઆઈડી ક્રાઈમ, શહેર પોલીસ કમિશનર સહિતના અધિકારીને અરજી કરી છે. જોકે, આ અંગે તેમને કોઈ યોગ્ય જવાબ ના મળ્યો હોવાનો ફરિયાદીનો આક્ષેપ છે. ફરિયાદીનો આક્ષેપ છે કે, જો ડી વી આર જમા કરવામાં નથી આવ્યા તો ક્યાં ગયા તે અંગે તપાસ થવી જોઈએ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 132

## ગોધરા નગર પાલિકાની ચુંટણીની જાહેરાત સાથે

# ૭ વોર્ડ માંથી BJPની ટીકીટ માટે ૧૨૭ દાવેદારો મેદાનમાં

**- પાલિકાની ચુંટણીમાં બીજેપી માંથી ટીકીટ મેળવી નગર સેવક બનવાની હોડ લાગી.**
**- નગર સેવક બનવાના અભરખા સાથે ટીકીટ મેળવવા દોડધામ શરૂ.**
**- રાજકીય પક્ષના મેન્ડેટ ઉપર ટીકીટ ન મળે તો અપક્ષ માંથી ઉમેદવારી કરવાની તૈયારી.**




ગોધરા,

ગોધરા નગર પાલિકાની ચુંટણીની તારીખોની જાહેરાત સાથે શહેરમાં ચુંટણી લડીને નગર સેવક બનવાનો અભરખો રાખનારાઓની લાંબી લાઈનો લાગી છે. ગોધરા શહેરમાં નગર સેવક બનવા તેમાં પણ બીજેપીના મેન્ડેટ ઉપર ચુંટણી જંગ લડવા માટે ટીકીટ વાંચ્છુકો માં હરીફાઈ જોવા મળી રહી છે. પાલિકાની ચુંટણીમાં બીજેપીના મેન્ડેટ ઉપર ઉમેદવારી કરવા માટે ૧૨૭ દાવેદારો મેદાનમાં ઉતર્યા છે. નગર પાલિકામાં અત્યાર સુધી નગર સેવક બનેલા સેવકો જીત્યા બાદ વોર્ડ વિસ્તારમાં કામો કર્યા ન હોય તેવા નગર સેવકો સામેનો રોષ સમજવો કે પછી નગર સેવક બનવાનો અભરખો તે સમજાતું નથી.

ગોધરા નગર પાલિકાની મુદ્દત પુરી થતાં હાલ રાજ્ય ચુંટણી પંચ દ્વારા રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. ગોધરા નગર પાલિકાની ચુંટણી માટેનું મતદાન ૨૮ ફેબ્રુઆરીના રોજ થનાર છે. હાલ ચુંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. જાહેરનામું પ્રસિદ્ધ થવાની વાર છે. ત્યાં જ ગોધરા નગર પાલિકાની ચુંટણી લડીને નગર સેવક બનવા માટે ટીકીટ વાંચ્છુકો પોતાના વગ વાપરીને ટીકીટ મેળવી લેવા દોડધામ મચાવી છે. ગોધરા શહેરમાં નગર પાલિકાની ચુંટણીમાં વોર્ડ સભ્ય બનવા માટે મોટી સંખ્યામાં દાવેદારો મેદાનમાં પડ્યા છે. ગોધરાના વોર્ડ નંબર ૧,૨,૩,૪,૫,૧૦,૧૧ અને વોર્ડ -૯ મળી કુલ ૧૨૭ વ્યક્તિઓ ઉમેદવારી માટે દાવેદારી કરી રહ્યા છે. આ તમામ ૧૨૭ ટીકીટ વાંચ્છુક ઉમેદવારો બીજેપીના મેન્ડેટ ઉપર ચુંટણી લડવાની દાવેદારી કરી રહ્યા છે. હવે જોવાનું રહે કે હજુ સુધી ચુંટણી માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું નથી. તે પહેલા બીજેપીના મેન્ડેટ ઉપર ૭ વોર્ડ માંથી ૧૨૭ ઉમેદવારો ટીકીટ માટે દાવેદારી કરી રહ્યા છે. ત્યારે જેમ પાલિકાની ચુંટણી માટે ફોર્મ ભરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં બીજા કેટલાક પાલિકાની ચુંટણીમાં નગર સેવક બનાવાની તક જતી કરવી નથી. તેમ માનીને ટીકીટ માટે લાઈન લગાવે છે.

ગોધરા નગર પાલિકાની ચુંટણી માટેની તારીખ જાહેર થતાંની સાથે જે ઉત્સાહ થી શહેરમાંથી બીજેપીના મેન્ડેટ ઉપર ચુંટણી લડવાનો અભરખો લઈને ટીકીટ મેળવવા મેદાનમાં આવ્યા છે. તેમાં હજુ જેમ ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખો અને ઉમેદવાર જાહેર કરવાના સમયગાળામાં કેટલા ઉમેદવારો મેદાનમાં આવે છે.

ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં કોંગ્રેસ અને અપક્ષમાંથી ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની પણ લાંબી લાઈનો છે પરંતુ નગર સેવક બનવા માટે અભરખા સેવતા ટીકીટ વાંચ્છુકોને કોઈ રાજકીય પક્ષનું મેન્ડેટ ન મળે તો અપક્ષ ઉમેદવારી કરવા માટેની તૈયારીઓ સાથે ગોધરાહ નગર પાલિકા ચુંટણીમાં નગર સેવક બનવા ઉત્સુક જોવા મળી રહયા છે.

ગોધરા નગરજનો પણ લાંબા સમય થી નગર પાલિકા દ્વારા જે વિકાસના કામો માટે ઉદાસીનતા દાખવવામાં આવી છે. તેનો હિસાબ સરભર કરવા માટે પાલિકા ચુંટણીની તારીખોની રાહ જોઈ રહ્યા હતા. તેવા વિકાસ વંચિત વોર્ડ વિસ્તારોના રહિશો પણ ચુંટણીમાં ઉમેદવારોની જાહેરાત સાથે કોને પાડવો અને કોને જીતાડવો તે માટે વ્યુહ રચનામાં લાગશે. ફેબ્રુઆરી ૨૦૨૧માં યોજાનાર ગોધરા નગર પાલિકાની ચુંટણી રસપ્રદ બની રહેશે તેમાં બે મત નથી.

**ગોધરા નગર પાલિકાની BJPમાંથી વોર્ડ પ્રમાણે ચુંટણી લડવાના ઉમેદવારો**

| વોર્ડ નં. | સંખ્યા |
|---|---|
| ૦૧ | ૨૫ |
| ૦૨ | ૨૩ |
| ૦૩ | ૧૯ |
| ૦૪ | ૨૧ |
| ૦૫ | ૧૭ |
| ૦૯ | ૦૧ |
| ૧૧ | ૨૧ |

# પંચમહાલ જિલ્લામાં ૭૨માં પ્રજાસત્તાક પર્વની ગોધરા ખાતે ઉમંગભેર ઉજવણી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

૭૨મા પ્રજાસત્તાક પર્વની પંચમહાલ જિલ્લામાં ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ગોધરાના પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ગૃહ રાજ્યમંત્રીએ ગણતંત્ર દિવસની ઉજવણી પ્રસંગે ભારતની આન, બાન, શાનના પ્રતીક સમો રાષ્ટ્રધ્વજ ફરકાવી, સલામી આપી દ્વજવંદન કર્યુ હતું. સલામી આપ્યા બાદ મંત્રીએ પંચમહાલ પોલીસદળ, હોમગાર્ડ, એન.સી.સી. વગેરેના જવાનોની પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

આ મહામારીના સમયમાં પણ લડત આપીને આપણે ઉત્તમથી સર્વોત્તમ તરફ પ્રયાણ કર્યું છે. ખેડૂતો, યુવાનો, મહિલાઓ, વંચિતો, ગરીબો સૌ કોઈના સર્વસમાવેશક વિકાસના આયામને લક્ષ્યમાં રાખી ગુજરાતની પ્રગતિ થઈ રહી છે. ગુજરાત અનેક ક્ષેત્રે પ્રથમ છે ત્યારે ગુજરાતની વિકાસયાત્રાને વધુ બળવત્તર બનાવવા અને ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસ માટે હ્રદયપૂર્વક કટિબધ્ધ બની આગામી દિવસોમાં ગુજરાત અને દેશની આન બાન તથા શાન જળવાઈ રહે અને દેશની પ્રતિષ્ઠાને આંચ ન આવે તે માટે ખભેખભા મિલાવી આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં વર્ષ દરમિયાન ફરજ પર ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિશેષ પ્રદર્શન કરનાર-સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વ્યક્તિ વિશેષોનું સન્માન પણ મંત્રીના હસ્તે પ્રશસ્તિપત્રો અર્પણ કરીને કરવામાં આવ્યું હતું.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરાના પોલન બજાર કેસરી સર્કલ ખાતે ભારત દેશના ૭૨મા પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કેસરી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હાજી ફારૂક કેસરી, ઈદરિસ ભાઈ દરગાહી તેમજ ઉલમાએ કિરામ મુફ્તી હારૂન સિંધી સાહબ, મૌલાના ઈકબાલ બોકડા સાહબ હાજર રહ્યા હતા. દેશભક્તિના ગીતો સાથે પોલન બજાર ઝૂમી ઉઠ્યું હતું.



૭૨માં પ્રજાસતાક દિનની ઉજવણી ગોધરા શહેરની નૂતન હાઈસ્કૂલમાં કરવામાં આવી હતી. નૂતન પ્રાથમિક શાળાના શિક્ષિકા સર્મિષ્ટા ચૌહાણના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી.




બે નેશનલ અને એક ઈન્ટરનેશનલ એવોર્ડ પ્રાપ્ત થતા શિક્ષક જગતમાં પંચમહાલનું નામ રોશન કર્યું. મનુષ્ય બલ વિકાસ લોકસેવા અકાદમી મુંબઈ દ્વારા ગ્લોબલ ટીચર રોલ મોડલ એવોર્ડ ૨૦૨૦ વિશ્વ શિક્ષક દિવસે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય સન્માન ૨૦૨૦ બીજી ઓક્ટોબર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય સેવા મંચ ગાંધીનગર દ્વારા કિડ્સ એજ્યુકેશન દ્વારા ઈન્ટરનેશનલ એજ્યુકેશન એવોર્ડ બેસ્ટ ટીચર ઓફ ધ એજ્યુકેશ-૨૦૨૦, ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ આમ ત્રણ એવોર્ડ પ્રાપ્ત થતા આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે વિનુ બામણીયા છેલ્લા વીસ વરસથી સાહિત્ય, શિક્ષણ અને સમાજની સેવામાં અગ્રેસર છે અનેકવિધ પ્રવૃતિઓ કર્યા હોય જિલ્લા, રાજ્ય કક્ષાએ અનેક સન્માન અનેક એવોર્ડ એમને પ્રાપ્ત થયેલ છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકા સેવા સદન ખાતે તાલુકા કક્ષાના ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરા પ્રાંત અધિકારીના હસ્તે તિરંગાને સલામી આપવામાં આવી હતી અને પ્રાંત અધિકારીએ શહેરા નગર સહિત તાલુકા વાસીઓને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી હતી તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. શહેરા તાલુકા કક્ષાની રાષ્ટ્રીય પર્વની પ્રજાસત્તાક દિન નિમિત્તે શહેરા તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણના એક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ પ્રાંત અધિકારી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ શહેરા પોલીસ મથકના પોલીસ મથકના પી.આઈ. સહિતના અધિકારી તેમજ પદાધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# હાલોલના છાજ દિવાળી ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં પાંચ વ્યકિતના મોત


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ તાલુકાના છાજ દિવાળી ગામના પાટીયા પાસે ૨૬મી જાન્યુઆરીના સાંજના સમયે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક અકસ્માતમાં પાંચ વ્યકિતના મોત નિપજાવા પામ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના છાજ દિવાળી ગામના પાટીયા પાસે મુખ્ય રોડ ઉપર થી પસાર થતી બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમં હાલોલના તલાપડી ગામે ડામોર ફળીયામાં રહેતા વસંતભઈ જીવનભાઈ પરમાર ઉ.વ. ૩૪ બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે નરવતભાઈ ભીખાભાઈ બારીયાને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે વડોદરા ખસેડતા એક વ્યકિતનું મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે છોટાઉદેપુર પાર્સીંગની બાઈક ઉપર પસાર થતાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલ દોઢ વર્ષીય બાળકી અને મહિલાને ગંભીર ઈજાઓ થતાં હાલોલ રેફરલ અને વધુ સારવાર માટે વડોદરા ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના સુરેલી ગામે પ્રેમી પંખીડાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો



શહેરા,

શહેરા તાલકાના સુરેલી ગામના પટેલ ફળિયા પાસે આવેલ એક વૃક્ષ પર ઓઢળા વડે સ્થાનિક ગામના યુવક અને ડોકવાની કિશોરીની ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતા ચક્ચાર મચી જવા પામી છે.પોલીસ બનાવ સ્થળે પહોંચીને તપાસના ચક્રો ગતીમાન કર્યા હતા.

શહેરા તાલુકાના સુરેલી ગામના પટેલ ફળિયા માં પાસે આવેલ ખેતર માં પ્રેમી પંખીડા એક ઝાડ પર લટકતી હાલત માં જોવા મળતા ગામમાં ચક્ચાર મચી ગઈ હતી.ગામના એક જાગૃત નાગરિક દ્વારા પોલીસ મથકે જાણ કરતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી તપાસ હાથધરી હતી. પોલીસે ઓઢળી વડે ગળેફાંસો ખાધેલી યુવક અને ય કિશોરીની લાશ ને સ્થાનિક લોકોની મદદથી નીચે ઉતારી ને પીએમ અર્થે મોકલી દેવામાં આવી હતી. પોલીસ તપાસમાં મરણ જનાર સ્થાનિક સુરેલી ગામનો યુવક અને ડોકવા ગામની કિશોરી હોવાનું બહાર આવ્યું હતુ. પોલીસે આ મામલે વધુ તપાસ સાથે જરૂરી કાર્યવાહી હાથધરી હતી.




ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે કોરોના વોરીયસેની ટીમનું સન્માન કરતા ગોધરા સીવીલ સર્જન ડોક્ટર સાગર.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૯૩૧ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૪ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૯૩૧ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૩, કાલોલ-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

**- એકટીવ કેસ ૩૮.**
**- મૃત્યુ આંક - ૧૩૯.**

## કાલોલ નવાપુરામાં રહેણાંક ઘરમાં જુગાર રમતા ૧૩ ઈસમોને ૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

કાલોલ,

કાલોલ નવાપુરા વિસ્તારમાં રહેણાંક મકાનમાં પાના પત્તાનો જુગાર રમાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૧૩ જુગારીયાઓની ૧,૦૮,૩૮૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ નવાપુરામાં તેજલબેન રજનીકાંત ગાંધીના મકાનમાં બીજે માળે પાના પત્તા થી જુગાર રમાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન પ્રદિપ સુરેશચંદ્ર ઉપાધ્યાય, સતિષભાઈ રમણભાઈ વણકર, રમેશ છરાજી મારવાડી, નિરંજન વિજયભાઈ પાસવાન, લક્ષ્મણ ઉર્ફે છોટુ ખોજારામ રબારી, અભિષેક નિલેશભાઈ મહેતા, આકાશ સુબાર સીંગ, રાજ અરૂણભાઈ પટેલ, વિપુલ રજનીકાંત ગાંધી, કૌશિક ઉર્ફે કવાભાઈ લુહાર, સલીમ મહેબુબખાન દિવાન, નીલકુમાર અરૂણભાઈ પટેલ, દિપેશકુમાર ઉર્ફે દિલીપ રાજપૂતને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં ૩૮,૧૫૦/- રૂપીયા તથા દાવ ઉપર મૂકેલ ૧૬,૨૩૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૧૩ કિંમત ૫૪,૦૦૦/-રૂપીયા મળી ૧,૦૮,૩૮૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# બી.ફાર્મસી કોલેજ રામપુરાના N.S.S દ્વારા વુમન ડેવલોપમેન્ટ સેલની મદદથી રાષ્ટ્રીય બાળીકા દિવસ ૨૦૨૧નું આયોજન

ગોધરા,

નુતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી રામપુરા, ગોધરા દ્વારા વર્ષ ૨૦૦૬થી બેચલર ઓફ ફાર્મસી કોર્ષ ચલાવવામાં આવે છે. આ સંસ્થાને એ.આઈ.સી.ટી.ઈ અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દિલ્હીથી માન્યતા મળેલ છે અને સંસ્થા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે પણ જોડાણ ધરાવે છે. તાજેતરમાં સંસ્થા દ્વારા રાષ્ટ્રીય બાળીકા દિવસ ૨૦૨૧નું ૨૪/૦૧/૨૦૨૧ના દિવસે રવિવારે આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય બાલિકા દિવસે સામાજિક કાર્યકર ભાવનાબેન નારકર તથા સંસ્થાના વિવિધઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સંસ્થા દ્વારા રંગોળી અને ડ્ડઝ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આયુ હતું. જેમાં ફાર્મસીના ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના આસિસ્ટન્ટ અને એસોસિયેટ પ્રોફેસરોએ તેમને જજ કર્યા હતા. જેમાં દરેક શ્રેણીમાં શ્રેષ્ઠ બે સ્પર્ધકોને કોલેજ દ્વારા નંબર એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્થાના આચાર્ય, આસિસ્ટન્ટ પ્રોફેસરો અને વિદ્યાર્થીઓએ તેમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.